**પોલીસ અધિક્ષકની કચેરી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ.**

**સરખેજ-ગાંધીનગર હાઇવે, દિવ્ય ભાસ્કર પ્રેસની બાજુમાં, મકરબા, અમદાવાદ-૩૮૦૦૫૫ (ગુ.રા.)**

**કંટ્રોલ નં.૨૬૮૯૧૧૧૫, ૨૬૮૯૧૧૬૮, ફેકસ નં.૨૬૮૯૧૨૨૭.**

**ઇ-મેઇલ: sp-ahd@ gujarat.gov.in**

**વેબસાઇટ: www.spahmedabad.gujarat.gov.in**

---

**જીલ્લા પોલીસ ગેઝેટ નંબર-૩૨/૨૦૧૨**

**તા.૨૪/૦૮/૨૦૧૨ થી તા.૩૧/૦૮/૨૦૧૨ સુધી**

**પોલીસ અધિક્ષકશ્રીની કચેરી અમદાવાદ ગ્રામ્ય અમદાવાદ.**

---

ક્રમાંકઃ-મકમ/૨જમ/એસબી-૩/ડીપીજી-૩૨/        /૨૦૧૨
પોલીસ અધિક્ષકશ્રીની કચેરી,
અમદાવાદ ગ્રામ્ય, એસ.જી.હાઇવે, અમદાવાદ-૫૫.
તારીખઃ-      /૦૯/૨૦૧૨

---

**વિભાગ - ૧- નિમણુંક :-નીલ**

**ક.હુ ક્રમાક ૧૦૪/મકમ/એસ.બી/૫નત/સી.કા/વ.૩૦૫૬૬/૨૦૧૨ તા.૨૪/૦૮/૨૦૧૨**

**કચેરી હુકમ :-**

આમુખ – ૧ વાળા હુકમ આધારે અત્રેના જીલ્લામાં ફરજ બજાવતા વુ.હે.કો શશીબાલા ધીરેનભાઇ બ.નં.ડ૬૧ નાઓની અધિક પોલીસ મહાનિદેશકશ્રી, ઇન્ટે ગુ.રા., ગાંધીનગરની કચેરી ખાતે તાત્કાલીક અસરથી પ્રતિનિયુક્તિના ધોરણે ફરજ બજાવવા નિમણૂક કરવામાં આવેલ હોય અને તેઓને તાત્કાલીક છુટા કરવા જણાવેલ હોય મજકુર ને નિમણુંક વાળી જગ્યાએ હાજર થવા સારૂ તાત્કાલીક છુટા કરવા હુકમ કરવામાં આવે છે.

**બોલીઓ અને શરતો** : -

(૧) સી.આઇ.ડી (ઇન્ટે શાખા) માં એ.આઇ.ઓ તરીકે આ નિમણુક મેળવનાર/પામનાર કર્મચારીઓ ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી ઇન્ટે ખાતે ફરજ બજાવવાની રહેશે.

(૨) નિમણુક પામેલ કર્મચારીની કામગીરી સંતોષ કારક જણાશે નહી તો તેઓને નિયત સમય પહેલા તેમના મુળ જીલ્લે મુળ પાયરીપર કરવામાં આવશે..

(૩) એ.આઇ.ઓ તરીકે નિમણુક મેળવ્યા બાદ નિમણુક મેળવ્યા બાદ પોતાની સ્વૈચ્છાએ પાંચ વર્ષ પહેલા મુળ જીલ્લે મુળ પાયરીપર પરત જઇ શકશે નહી.

(૪) રાજય ઇન્ટે ખાતે નિમણુક પામનાર એ.આઇ.ઓ તેમની આઇ.બી ખાતેની નોકરી અંગે સિનિયોરીટીમાં હકક દાવો ખાતામાં કે કોર્ટમાં કરી શકશે નહી તેમજ આઇ.બી.ના હોદદાની રૂએ પો.સ.ઇ ની ખાતાકીય બઢતી પરીક્ષામાં બેસવા માટે કે પો.સ.ઇ ના સ્કેલમાં પેન્શન કે અન્ય કોઇ પણ લાભો મેળવવા હકકદાવો કરી શકશે નહી તેમજ પાંચ વર્ષ દરમ્યાન એ.આઇ.ઓ.ની ફરજમાં સી.આઇ.ડી.(ઇન્ટે) ધ્વારા ગેરલાયક તથા વહીવટી કારણોસર મુળ જીલ્લે પરત કરવાની જરૂર જણાશે તો તેમાં કોઇ વાંધો કે વિરોધ કે અડચણ ઉભી કરી શકશે નહી.

(૫) નિમણુક પામનાર તમામ આઇ.ઓ. પાસેથી ઉપયુકત શરતોનુ પાલન થાય તેનુ લેખિતમાં બાહેધરી પત્રક મેળવ્યા બાદજ રાજય ઇન્ટે ખાતે ફરજ બજાવવા નિમણુક આપવાની રહેશે.

**વિભાગ - ૨- ઈન્ક્રીમેન્ટ :- માહીતી**

**ક.હુ ક્રમાક મકમ/એસ.બી-૨/ઇજફ/વ.૨૫૬૮/૩૦૪૦૧/૨૦૧૨ તા.૨૩/૦૮/૨૦૧૨**

**અત્રેના જીલ્લાના અ.એ.એસ.આઇ. બળદેવજી છનાજી બ.નં. ૭૭૫ (હાલ સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ ગુ.રા. ગાંધીનગર ખાતે પ્રતિનિયુક્તિ) નાઓ જયારે સૈજપુર પોલીસ હેડકવાટર્સ ખાતે ફરજ બજાવતા હતા**

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

**ત્યારે આમુખ – ૧ વાળા હુકમથી મજકુર એ.એસ.આઇ.નો લેણો થતો એક ઇજાફો એક વર્ષ માટે અટકાવવાની શિક્ષા કરવામાં આવેલ હતી જે શિક્ષા નો સમય પુર્ણ થતા તેઓના પગાર ધોરણ રૂ. ૫૨૦૦ – ૨૦૨૦૦ – ગ્રેડ પે. રૂ. ૨૪૦૦ માં નીચે મુજબ મંજુર કરવામાં આવે છે.**

| અ.નં. | ઇજાફા પહેલા પગાર/તારીખ | ઇજાફા પછી પગાર/તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|
| (૧) | રૂ. ૧૧૭૯૦/- તા.૧/૭/૦૮ | રૂ. ૧૨૧૫૦/- તા.૧/૭/૦૯ | તા.૧/૭/૦૯ થી તા.૩૦/૬/૧૦ સુધીની નાણાકીય અસર મળવાપાત્ર રહેશે નહી (નોશનલ ગણવો) |
| (૨) | રૂ. ૧૨૧૫૦/- તા.૧/૭/૦૯ | રૂ. ૧૨૫૨૦/- તા.૧/૭/૧૦ | |
| (૩) | રૂ. ૧૨૫૨૦/- તા.૧/૭/૧૦ | રૂ. ૧૨૯૦૦/- તા.૧/૭/૧૧ | |
| (૪) | રૂ. ૧૨૯૦૦/- તા.૧/૭/૧૧ | રૂ. ૧૩૨૯૦/- તા.૧/૭/૧૨ | |

**વિભાગ - ૩ –પ્રમોશન :-**

**ક.હુ.ક્રમાકઃ-૧૦૪/મકમ/એસ.બી/એસ.સી/બઢતી/મા.પો.સ.ઇ/વ.૩૦૪૦૪/૨૦૧૨ તા.૨૩/૦૮/૨૦૧૨**

આમુખ – (૧) વાળા હુકમ આધારે માઉન્ટેડ પો.સ.ઇ.ની ખાતાકીય બઢતી પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ અને ખાતાકીય બઢતી સમિતિ દ્વારા મા.પો.સ.ઇ. તરીકે બઢતી માટે યોગ્ય ગણવામાં આવેલ અત્રેના જીલ્લાના માઉન્ટેડ યુનિટ ખાતે ફરજ બજાવતા મા.એ.એસ.આઇ. પ્રકાશચંદ્ર ગોપાલસિંહ યાદવ નાઓને માઉન્ટેડ પો.સ.ઇ.ના પગાર ધોરણ (પે બેન્ડ -૨ : રૂ. ૯૩૦૦ – ૩૪૮૦૦ વત્તા ગ્રેડ પે. રૂ. ૪૪૦૦/-) માં માઉન્ટેડ પો.સ.ઇ. તરીકે તદન હંગામી ધોરણે શરતી બઢતી આપી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની કચેરી ખાતે નિમણૂક આપવામાં આવેલ છે. મજકુર એ.એસ.આઇ.ને બઢતીવાળી જગ્યાએ હાજર થવા તાત્કાલીક છુટા કરવા હુકમ કરવામાં આવે છે.

(૧) મજકુર એ.એસ.આઇ.ને ગુજરાત સરકારના સામાન્ય વહીવટી વિભાગના ઠરાવ ક્રમાંક :પરચ઼૧૦૨૦૦૫/૧૫૩૨/પાર્ટ-૧-ક તા.૧૫/૬/૨૦૧૨ તેમજ સરકારશ્રીની વખતો વખતની સુચનાઓ મુજબ કોમ્પ્યુટર કૌશલ્ય અંગેની સી.સી.સી. સ્તરની પરીક્ષા સરકારશ્રીએ નિયત કરેલ સમય મર્યાદામાં પાસ કરવાની શરતે બઢતી આપવામાં આવે છે. નિયત સમય – મર્યાદા માં નિર્દિષ્ટ પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ નીવડશે તો તેઓને મુળ સંવર્ગમાં પાછા હટાવી દેવામાં આવશે.

**વિભાગ - ૪ – પે.ફીકશેસન :– નીલ**

**વિભાગ - ૫ -બદલી :-**

**ક.હુ.ક્રમાકઃ-૧૦૪/મકમ/એસ.બી/બદલી/૩૦૦૪૬/૨૦૧૨ તા.૨૨/૦૮/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતા અ.હે.કો દીલીપસિંહ બાદરજી બ.ન. ૭૯૬ નાઓની માહે/-૪ ૨૦૧૨ માં વિઠ્ઠલાપુર પો.સ્ટે થી બોપલ પો.સ્ટેમાં પંદના ખર્ચે કરવામાં આવેલ પરંતુ તેઓને અંગત કારણોસર તેઓની રજુઆત ને ધ્યાને લેતા તેઓની બદલી વિઠ્ઠલાપુર પો.સ્ટે થી બોપલ કરવામાં આવેલ બદલી નો હુકમ આથી રદ કરવામાં આવે છે.

**વિભાગ - ૬- નિવૃતી :- માહીતી**

**ક.હુ.ક્રમાકઃ-મકમ/એસ.બી-૨/વયનિવૃત/૨૪૬૨/૩૦૪૦૨/૨૦૧૨ તા.૦૭/૦૮/૨૦૧૨**

અત્રેનાં જીલ્લાનાં ચાંગોદર પો.સ્ટે.માં ફરજ બજાવતા આ.એ.એસ.આઇ. બળવંતસિંહ ઉમેદસિંહ બ.નં. ૧૫ નાઓને ૫૮ વર્ષની ઉંમર તા.૦૪/૦૮/૨૦૧૨ નાં રોજ પુરી થતી હોઇ તેઓને તા.૩૧/૦૮/૨૦૧૨ નાં રોજ કચેરી સમય બાદથી ૫૮ વર્ષની વયે વયનિવૃત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**ક.હુ.ક્રમાકઃ-મકમ/એસ.બી-૨/વયનિવૃત/વ.૨૫૮૯/૩૦૫૬૮/૨૦૧૨ તા.૨૪/૦૮/૨૦૧૨**

અત્રેનાં જીલ્લાનાં સરખેજ પો.સ્ટે. માં ફરજ બજાવતા આ.એ.એસ.આઇ. ભગવતસિંહ કનુભા બ.નં. ૧૦૯ નાઓને ૫૮ વર્ષની ઉંમર તા.૦૬/૦૮/૨૦૧૨ નાં રોજ પુરી થતી હોઇ તેઓને તા.૩૧/૦૮/૨૦૧૨ નાં રોજ કચેરી સમય બાદથી ૫૮ વર્ષની વયે વયનિવૃત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**વિભાગ - ૭- રાજીનામુ :- નીલ**

**વિભાગ - ૮- ડીસ્ચાર્જ :- નીલ**

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

**વિભાગ - ૯- રજા**

**ક. હુ. – ક્રમાંક:મકમ/એસ.સી.-૨/હ.રજા/૨૫૭૦/૩૦૩૯૮/૨૦૧૨ તા.૨૩/૦૮/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતા નીચે જણાવેલ પોલીસ કર્મચારીની તેમના નામ સામે જણાવ્યા મુજબ હકક રજા મંજુર કરવામાં આવે છે.

| અ.નં. | કર્મચારીનું નામ, હોદ્દો, બ.નં., પો.સ્ટે. | હકક રજાની વિગત. |
|---|---|---|
| ૧ | અ.એ.એસ.આઇ. પરસોતમભાઇ મથુરભાઇ બ.નં. ૯૩૫ કંટ્રોલ રૂમ અ.રૂ | મજકુર એ.એસ.આઇ.ને ભાદરવી પુનમે અંબાજી ખાતે પગ પાળા જવાનુ હોય દિન □ ૧૫ ની હકક રજા છુટા થયા તારીખથી મંજુર કરવામાં આવે છે. |

**ક. હુ. – ક્રમાંક:મકમ/રજમ/એસ.સી.-૨/૨૫૬૯/૩૦૩૯૯/૨૦૧૨ તા.૨૩/૦૮/૨૦૧૨**

માંડલ પો.સ્ટે માં ફરજ બજાવતા અ.હે.કો રણજીતસિંહ સબળસિંહ બ.નં.૫૫૫ નાઓની તા.૨૪/૦૭/૨૦૧૨ થી તા.૧૬/૦૮/૨૦૧૨ દિન-૨૪ ની ગે.હા નો નિકાલ કપાત પગારી રજા તરીકે મંજુર કરવામાં આવે છે.

**ક. હુ. – ક્રમાંક:મકમ/એસ.સી.-૨/હ.રજા/૨૫૫૫/૩૦૩૬૪/૨૦૧૨ તા.૨૨/૦૮/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતા નીચે જણાવેલ પોલીસ કર્મચારીની તેમના નામ સામે જણાવ્યા મુજબ હકક રજા મંજુર કરવામાં આવે છે.

| અ.નં. | કર્મચારીનું નામ, હોદ્દો, બ.નં., પો.સ્ટે. | હકક રજાની વિગત. |
|---|---|---|
| ૧ | અ.હે.કો. હરગોવિંદભાઇ શીવાભાઇ બ.નં. ૯૭૦ કંટ્રોલ રૂમ અ.રૂ | મજકુર હે.કો.ને પગની સારવાર કરાવવાની હોય દિન □ ૩૦ ની હકક રજા છુટા થયા તારીખથી મંજુર કરવામાં આવે છે. |
| ૨ | અ.પો.કો. જયપ્રકાશ ઢોલુમલ બ.નં. ૧૧૫૫ રીડર શાખા અ.રૂ | મજકુર પો.કો.ને એમ.એ. પાર્ટ □ ૨ ની એક્સ્ટ્રનલ સ્ટુડન્ટ તરીકે પરીક્ષા આપવાની હોય પરીક્ષાની તૈયારી કરવા સારૂ દિન □ ૪૦ ની હકક રજા છુટા થયા તારીખથી મંજુર કરવામાં આવે છે. |

**ક. હુ. – ક્રમાંક:મકમ/એસ.સી.-૨/રજમ/૨૫૫૪/૩૦૩૬૫/૨૦૧૨ તા.૨૨/૦૮/૨૦૧૨**

બાવળા પો.સ્ટે.માં ફરજ બજાવતા વુ.લો.ર. માલતીબેન શંકરભાઇ બ.નં. ૫૯૪ નાઓને પો.સ.ઇ.ની લેખિત પરીક્ષા આપવાની હોય પરીક્ષાની તેયારી માટે છુટા થયા તારીખ થી દિન □ ૧૫ ની બીન પગારી રજા મંજુર કરવામાં આવે છે.

**ક.હુ. – ક્રમાંક:મકમ/એસ.સી.-૨/રજમ/૨૫૫૩/૩૦૩૬૬/૨૦૧૨ તા.૨૨/૦૮/૨૦૧૨.**

મહીલા પો.સ્ટે.માં ફરજ બજાવતા વુ.પો.કો અનીતાબેન બાલાભાઇ બ.નં.૫૫૨ તા.૦૩/૧૨/૨૦૧૦ થી તા.૦૭/૦૨/૨૦૧૦ દિન - ૬૯ ની ગે.હા સમયનો નિકાલ કપાત પગારી રજા મંજુર કરવામાં આવે છે.

**ના.પો.અધિ. વિરમગામ વિભાગ ના જા.નં.૧૦૯૭/૨૦૧૨, તા.૧૯/૦૮/૨૦૧૨**

નીચે જણાવેલ પોલીસ કર્મચારીઓની હકક રજા તેઓના નામ સામે જણાવેલ મંજુર કરવામાં આવે છે.

| અ.નં . | નામ હોદો તથા બ.નં. | મંજુર કરેલ હકક રજા |
|---|---|---|
| ૧ | અ.એ.એસ.આઇ જીજાવરાવ સાલીગ્રામ બ.નં.૫૨૫ વિરમગામ ટાઉન પો.સ્ટે. | દિન – ૨૦ |
| ૨ | અ.એ.એસ.આઇ શીવાભાઇ દેવજીભાઇ બ.નં.૬૫૩ વિરમગામ ટાઉન પો.સ્ટે. | દિન – ૨૦ |

**ક.હુ. – ક્રમાંક:૧૦૪/મકમ/એસ.સી/વ.૩૦૫૭૪/૨૦૧૨ તા.૨૭/૦૮/૨૦૧૨**

એમ.ટી. સેકશન અ.રૂમાં ફરજ બજાવતા ડ્રા.પો.કો. કરણસિહ દશરથસિહ બ.નં. ૨૭૪ નાઓ તા.૨૦/૦૭/૨૦૧૨ ના રોજ સેરેમોનીયમ પરેડ રાખવામાં આવેલ હતી જે પરેડમાં આવેલ ન હતા જે અનુસંધાને તેઓ ફરજમાં ગે.હા. પડેલ હોય તા.૨૦/૦૭/૨૦૧૨ દિન – ૧ ની વગર પગારી રજા તરીકે મંજુર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

**ના.પો.અધિ. ધોળકા વિભાગ ના જા.નં.૨૬૩૩/૨૦૧૨, તા.૨૪/૦૮/૨૦૧૨**

નીચે જણાવેલ પોલીસ કર્મચારીઓની હકક રજા તેઓના નામ સામે જણાવેલ મંજુર કરવામાં આવે છે.

| અ.નં . | નામ હોદો તથા બ.નં. | મંજુર કરેલ હકક રજા |
|---|---|---|
| ૧ | એ.એસ.આઇ કનૈયાલાલ દાનાભાઇ બ.નં.૯૦૫ ધોળકા પો.સ્ટે. | દિન – ૧૦ |

**ક.હુ. – ક્રમાંક:મકમ/એસ.સી.-૩/૨જમ/૩૦૬૩૪/૨૦૧૨ તા.૨૭/૦૮/૨૦૧૨.**

અત્રેના જીલ્લાના નીચે જણાવેલ પોલીસ કર્મચારીની તેઓના નામ સામે જણાવ્યા મુજબ ની બિન પગારી રજા મંજુર કરવામાં આવે છે..

| અ.નં. | નામ/હોદો/બ.નં. | રજાની વિગત |
|---|---|---|
| ૧ | આ.લો.ર અરવિદકુમાર ઝીણાભાઇ બ.નં.૯૩ મકરબા પોલીસ હેડ કવાટર્સ | મજુકર આ.લો.ર ને પો.સ.ઇ/અ.લો.ર.ની લેખીત પરીક્ષાની તૈયારી માટે કે રજા સિવાય બીજી કોઇ રજા મળવા પાત્ર ન હોય છુટા થયા તારીખ થી દિન -૧૦ ની બિન પગારી રજા તરીકે મંજુર કરવામાં આવે છે. |
| ૨ | આ.લો.ર અલ્પેશકુમાર જશવંતભાઇ બ.નં.૬૯ મકરબા પોલીસ હેડ કવાટર્સ | મજુકર આ.લો.ર ને પો.સ.ઇ/અ.લો.ર.ની લેખીત પરીક્ષાની તૈયારી માટે તા.૨૫/૦૮/૨૦૧૨ થી તા.૦૩/૦૯/૨૦૧૨ સુધી દિન-૧૦ ની કે રજા સિવાય બીજી કોઇ રજા મળવા પાત્ર ન હોય બિન પગારી રજા તરીકે મંજુર કરવામાં આવે છે. |

**ક.હુ. – ક્રમાંક:મકમ/એસ.સી.-૩/સીક.ગે.હા.નિ/૩૧૦૨૦/૨૦૧૨ તા.૨૯/૦૮/૨૦૧૨.**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના બરવાળા પો.સ્ટે માં ફરજ બજાવતા આ.પો.કો.રતીલાલ ગગુભાઇ બ.નં.૩૩૯ નાઓની તા ૨૧/૦૩/૧૨ થી તા.૧૩/૦૬/૨૦૧૨ સુધી દિન □ ૮૫ ગે.હા. પડેલ જે અંગે કોઇપણ જાતની જાણ કર્યા સિવાય મનસ્વીપણે ગેરહાજર પડેલ હોય કપાત પગારી રજા મંજુર કરવામાં આવે છે.

**ક.હુ. – ક્રમાંક:મકમ/એસ.સી.-૩/સીક.ગે.હા.નિ/૩૧૦૨૨/૨૦૧૨ તા.૨૯/૦૮/૨૦૧૨.**

અત્રેના જીલ્લાના નીચે જણાવેલ પોલીસ કર્મચારીની તેઓના નામ સામે જણાવ્યા મુજબ સીક/ગે.હા. સમયનો આથી નિકાલ કરવામાં આવે છે.

| અ.નં. | નામ/હોદો/બ.નં. | સીક/ગે.હા.નિકાલ ની વિગત |
|---|---|---|
| ૧ | આ.એ.એસ.આઇ બળવંતસિંહ ઉમેદસિંહ બ.નં.૧૫ ચાંગોદર પો.સ્ટે. | મજુકરની તા.૧૨/૦૭/૧૨ થી તા.૨૭/૦૮/૧૨ સુધી દિન-૪૭ ની માંદગી સમયનો નિકાલ ત.પ્ર. આધારે રૂપાંતરીત રજા તરીકે મંજુર કરવામાં આવે છે. |

**ના.પો.અધિ. વિરમગામ વિભાગ ના જા.નં.૧૧૩૮/૨૦૧૨, તા.૧૯/૦૮/૨૦૧૨**

નીચે જણાવેલ પોલીસ કર્મચારીઓની હકક રજા તેઓના નામ સામે જણાવેલ મંજુર કરવામાં આવે છે.

| અ.નં . | નામ હોદો તથા બ.નં. | મંજુર કરેલ હકક રજા |
|---|---|---|
| ૧ | અ.એ.એસ.આઇ નટવરભાઇ કુલજીભાઇ બ.નં.૬૭૦ વિરમગામ ટાઉન પો.સ્ટે. | દિન – ૩૦ |
| ૨ | અ.એ.એસ.આઇ બીજલભાઇ હિરાભાઇ બ.નં.૮૬૫ વિઠ્ઠલાપુર પો.સ્ટે. | દિન – ૧૫ |
| ૩ | અ.હે.કો અરવિદભાઇ લક્ષ્મણભાઇ બ.નં.૧૧૦૫ વિરમગામ ટાઉન પો.સ્ટે. | દિન – ૧૫ |

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

**ના.પો.અધિ. સરખેજ વિભાગ ના જા.નં.વહટ/હકરજા/૩૩૩૦/૨૦૧૨, તા.૨૯/૦૮/૨૦૧૨**

નીચે જણાવેલ પોલીસ કર્મચારીઓની હકક રજા તેઓના નામ સામે જણાવેલ મંજુર કરવામાં આવે છે

| **અ.નં .** | **પો.સ્ટે.** | **નામ હોદો તથા બ.નં.** | **મંજુર કરેલ હકક રજા** |
|---|---|---|---|
| ૧ | સાણંદ | અ.એસ.આઇ મહેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૮૩૬ | દિન – ૧૫ |
| ૨ | ચાંગોદર | વુ.હે.કો જયેન્દ્રીબેન મનુભાઇ બ.નં.૧૧૫૩ | દિન – ૨૦ |
| ૩ | અસલાલી | અ.એસ.આઇ રઘુભાઇ પુજાભાઇ બ.નં.૭૬૯ | દિન – ૧૫ |

**<u>વિભાગ - ૧૦- સજા :-</u>**

**ક.હુ. – ક્રમાંક:મકમ/ખાત/૧૮૪/વશી.૩૦૩૯૨/૨૦૧૨ તા.૨૩/૦૮/૨૦૧૨**

**<u>સીધીકારણદર્શક નોટીસ</u>** :-

તમો વુ.પો.કો. અનિતાબેન બાલાભાઇ બ.નં. ૫૫૨ મહિલા પો.સ્ટે અ.રૂ નાઓએ પોતાની ફરજમાં ગંભીર પ્રકારની બેદરકારી તથા નિષ્કાળજી દાખવેલ છે તે એવી રીતે કે,

**૨/-** તમો તા.૧૬/૪/૨૦૧૨ થી તા.૧૯/૦૫/૨૦૧૨ કુલ દિન – ૩૪ કોઇ પણ જાતની જાણ કર્યા સીવાય મનસ્વિપણે ફરજ ઉપરથી ગે.હા. પડેલા ઉપરી અધિ.શ્રીને જાણ કરેલ નથી

<u>વિશેષ સમીક્ષા</u> :-

કસુરદાર **વુ.પો.કો. અનિતાબેન બાલાભાઇ બ.નં. ૫૫૨ મહિલા પો.સ્ટે અ.રૂ.** નાઓને વંચાણ-૧ થી સીધી કારણદર્શક નોટીસ ઇશ્યુ કરવામાં આવેલ જેની બજવણી તેઓને તા.૧૨/૦૭/૨૦૧૨ ના રોજ થયેલ. તેઓએ બચાવ નિવેદન રજુ કરેલ નથી જેથી તેઓની કસુર સાબીત થતી હોય નીચે મુજબ આખરી હુકમ કરૂ છુ.

**<u>આખરી હુકમ :-</u>**

હું ગગનદીપ ગંભીર આઇ.પી.એસ., પોલીસ અધિક્ષક, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ નાઓને આથી મુંબઇ પોલીસ શિક્ષા અને અપીલ રૂલ્સ ૧૯૫૬ નિયમ □ ૩ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ **વુ.પો.કો. અનિતાબેન બાલાભાઇ બ.નં. ૫૫૨ મહિલા પો.સ્ટે અ.રૂ.** નાઓને **રૂ. ૩૪૦૦/- રોકડ** દંડની શિક્ષા કરવા આખરી હુકમ કરૂ છુ.

**ક.હુ. – ક્રમાંક:મકમ/ખાત/૧૮૪/વશી.૩૦૩૯૬/૨૦૧૨ તા.૨૩/૦૮/૨૦૧૨**

**<u>સીધીકારણદર્શક નોટીસ</u>** :-

તમો **અ.હે.કો. શંકરભાઇ શાંજાભાઇ બ.નં. ૧૦૭૮ વિ.ટાઉન પો.સ્ટે.** નાઓએ પોતાની ફરજમાં ગંભીર પ્રકારની બેદરકારી તથા નિષ્કાળજી દાખવેલ છે તે એવી રીતે કે,

**૨/-** તમો તા.૧૦/૫/૨૦૧૨ થી તા.૨૬/૦૬/૨૦૧૨ કુલ દિન – ૪૮ સીક મેમો લીધા સીવાય ઉપરી અધિશ્રીને જાણ કર્યા સીવાય મનસ્વીપણે ગે.હા. પડેલા છો.

<u>વિશેષ સમીક્ષા</u> :-

કસુરદાર **અ.હે.કો. શંકરભાઇ શાંજાભાઇ બ.નં. ૧૦૭૮ વિ.ટાઉન પો.સ્ટે.** નાઓને વંચાણ-૧ થી સીધી કારણદર્શક નોટીસ ઇશ્યુ કરવામાં આવેલ જેની બજવણી તેઓને તા.૨૩/૦૭/૨૦૧૨ ના રોજ થયેલ. તેઓએ બચાવ નિવેદન રજુ કરેલ નથી જેથી તેઓની કસુર સાબીત થતી હોય નીચે મુજબ આખરી હુકમ કરૂ છુ.

**<u>આખરી હુકમ :-</u>**

હું ગગનદીપ ગંભીર આઇ.પી.એસ., પોલીસ અધિક્ષક, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ નાઓને આથી મુંબઇ પોલીસ શિક્ષા અને અપીલ રૂલ્સ ૧૯૫૬ નિયમ □ ૩ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ **અ.હે.કો.**

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

**શંકરભાઇ શાંજાભાઇ બ.નં. ૧૦૭૮ વિ.ટાઉન પો.સ્ટે.** નાઓને **રૂ. ૪૮૦૦/- રોકડ** દંડની શિક્ષા કરવા આખરી હુકમ કરૂ છુ.

**ક.હુ. – ક્રમાંક:મકમ/ખાત/૧૮૪/વશી.૩૦૩૯૩/૨૦૧૨ તા.૨૩/૦૮/૨૦૧૨**

<u>તહોમતનામુ</u> :-

તમો અ.પો.કો. દશરથસિંહ રામસિંહ બ.નં. ૫૫૬ વિ.ટાઉન પો.સ્ટે..નાઓ વિરૂધ્ધ નીચે મુજબની કસુર અંગે ખાતા રા.હે. પગલા ભરવાનુ નકકી કરવામાં આવેલ છે.

તમો તા.૨૦/૦૮/૨૦૦૯ થી તા.૦૨/૦૪/૨૦૧૦ સુધી દિન- ૨૩૬ મનસ્વીપણે ફરજ ઉપર થી ગેરહાજર રહેલા છો. ઉપરી અધિકારીશ્રીને જાણ કરેલ નથી.પોતાને માનસીક તકલીફ હોય ગેરહાજર રહેલા તેવુ જણાવેલ છે. પરંતુ કોઇ ડોકટરી પ્રમાણપત્રો રજુ કરેલ નથી

આમ તમોએ પોતાની ફરજમાં ગંભીર પ્રકારની બેદરકારી અને નિષ્કાળજી દાખવેલ છે.

**<u>વિશેષ સમીક્ષા</u> :-**

કસુરદાર અ.પો.કો. દશરથસિંહ રામસિંહ બ.નં. ૫૫૬ વિ.ટાઉન પો.સ્ટે નાઓને તહોમતનામુ આપી વિધિસરની ખાતાકીય તપાસ ચલાવવા ના.પો.અધિ.શ્રી ધોળકા નાઓની હોદા જોગ નિમણુક કરવામાં આવેલ છે. પ્રિસાઇડીંગ ઓફીસરશ્રીએ ખાતાકીય તપાસ પૂર્ણ કરી ખાતાકીય તપાસના કાગળો અત્રે મોકલી આપેલ છે. પ્રિ.ઓ.શ્રીનો સમીક્ષા અહેવાલ અમોએ કાળજીપુર્વક વંચાણે લીધેલ છે. પ્રિ.ઓ.શ્રીએ તહોમતનામુ સાબિત માનેલ છે. મજકૂર વિરૂધ્ધની ખાતાકીય તપાસના કાગળો અમોએ કાળજીપુર્વક વંચાણે લીધેલ છે. પ્રિ.ઓ.શ્રીના સમીક્ષા અહેવાલ સાથે અમો સહમત થઇ. કસુદાર અ.પો.કો.ને પો.કો.ના મુળ પગારમાં એક વર્ષ માટે કેમ નહી ઉતારવા ? તે અંગેની વંચાણ (૪) અન્વયે કારણદર્શક નોટીસ ઇસ્યુ કરવામાં આવેલ. જેની બજવણી તેઓને તા.૨૦/૭/૧૨ ના રોજ થયેલ. તેઓએ નિયત સમય-મર્યાદામાં બચાવ જવાબ રજુ કરેલ નથી કે, વધુ મુદતની માંગણી પણ કરેલ નથી જેથી તેઓની કસુર સાબિત થાય છે. જેથી નીચે મુજબ આખરી હુકમ કરૂ છુ.

**<u>આખરી હુકમ</u> :-**

હું ગગનદીપ ગંભીર, આઈ.પી.એસ., પોલીસ અધિક્ષક, અમદાવાદ **ગ્રામ્ય**, અમદાવાદનાઓ આથી અમોને મળેલ સતાની રૂએ અ.પો.કો. દશરથસિંહ રામસિંહ બ.નં. ૫૫૬ વિ.ટાઉન પો.સ્ટે નાઓને પો.કો.ના મુળ પગારમાં એક વર્ષ માટે ઉતારવા આખરી હુકમ કરૂ છુ.

**ક.હુ. – ક્રમાંક:મકમ/ખાત/૧૮૪/વશી.૩૦૮૨૧/૨૦૧૨ તા.૨૮/૦૮/૨૦૧૨**

**<u>સીધીકારણદર્શક નોટીસ</u>** :-

તમો **શ્રી આર.એન.વાળંદ રીડર પો.સ.ઇ ટુ ના.પો.અધિશ્રી સરખેજ હાલ એસ.આઇ.ટી.** નાઓએ પોતાની ફરજમાં ગંભીર પ્રકારની બેદરકારી તથા નિષ્કાળજી દાખવેલ છે તે એવી રીતે કે,

**૨/-** તમો અગાઉ અસલાલી પો.સ્ટેમાં પો.સ.ઇ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૨૦-૨૧/૦૬/૨૦૧૨ ના રોજ કોમ્બીગ ના.રા નાકાબંધીમાં ફરી ક.૧/૦૦ વાગે પો.સ્ટે પરત આવી ગાડી કંમ્પાઉન્ડ માં મુકી વન મોબાઇલમાં ના.રા માં એ.એસ.આઇ/હે.કો/પો.કો નાઓને મોકલેલ નહી અને આ બાબતે ના.રા માં નહી મોકલવા બાબતે કંટ્રોલ રૂમને કોઇ જાણ કરેલ નહી જેથી થાણાના કોઇ પણ પોલીસ કર્મચારીને વનમોબાઇલમાં ના.રામાં નહી મોકલી ફરજમાં ગંભીર પ્રકારની બેદરકારી અને નિષ્કાળજી દાખવેલ છે

**<u>વિશેષ સમીક્ષા</u> :-**

કસુરદાર **શ્રી આર.એન.વાળંદ રીડર પો.સ.ઇ ટુ ના.પો.અધિશ્રી સરખેજ હાલ એસ.આઇ.ટી**. નાઓને વંચાણ-૧ થી સીધી કારણદર્શક નોટીસ ઇશ્યુ કરવામાં આવેલ જેની બજવણી તેઓને તા.૨૩/૦૮/૨૦૧૨ ના રોજ થયેલ. તેઓએ વંચાણે - ૨ થી બચાવ નિવેદન રજુ કરેલ છે બચાવ નિવેદનમાં તેઓએ જણાવેલ છે કે, તેઓએ તા.૧૭/૦૬/૨૦૧૨ થી તા.૨૧/૬/૧૨ સુધી સતક નાઇટ રોન કરેલ અને દિવસના પો.સ્ટે.ની અન્ય કામગીરીમાં રોકાયેલ તથા તા.૨૦,૨૧/૦૬/૨૦૧૨ ના રોજ નાઇટ રોન માંથી કલાક ૦૧/૦૦ વાગ્યે પરત આવેલ તે સમયે એ.એસ.આઇ. રઘુભાઇ પુંજાભાઇ સેકન્ડ મોબાઇલ સાથે નાકાબંધીની

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

ફરજમાં હતા જે પરત આવેલ નહી જેથી વન મોબાઇલ રવાના કરેલ ન હતી જે બાબતની શરતચુકથી કંટ્રોલ રૂમને જાણ કરવાની રહી ગયેલ હતી જે દરગુજર કરવા વિનંતી કરેલ છે. મજકુરનો બચાવ જવાબ વંચાણે લઇ નીચે મુજબ આખરી હુકમ કરૂ છુ.

**આખરી હુકમ :-**

હું ગગનદીપ ગંભીર આઇ.પી.એસ., પોલીસ અધિક્ષક, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ નાઓને આથી મુંબઇ પોલીસ શિક્ષા અને અપીલ રૂલ્સ ૧૯૫૬ નિયમ □ ૩ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ **શ્રી આર.એન.વાળંદ રીડર પો.સ.ઇ ટુ ના.પો.અધિશ્રી સરખેજ હાલ એસ.આઇ.ટી.** નાઓને ફરમાવેલ એક ઇજાફો ત્રણ માસ માટે ભવિષ્યની અસર સીવાય કેમ નહી અટકાવવો ? તે અંગે સીધીકારણ દર્શક નોટીસ **"દફતરે"** કરવા આખરી હુકમ કરૂ છુ.

**ક.હુ. – ક્રમાંક:મકમ/ખાત/૧૮૪/વશી.૧૮૪૭/૩૦૭૫૩/૨૦૧૨ તા.૨૭/૦૮/૨૦૧૨**

અત્રેના જીલ્લાના ધંધુકા પો.સ્ટે.ના મર્હૂમ અ.પો.કો. મગનભાઇ કાવાજી બ.નં. ૫૬૮ નાઓ વિરૂધ્ધ મહેસાણા જીલ્લાની ફરજ દરમ્યાન મહેસાણા એ.સી.બી. પો.સ્ટે. ગુ.ર.નં. ૭/૨૦૦૦ ભ્ર.નિ.અધિ. – ૧૯૮૮ ની કલમ ૭,૧૨,૧૩,(૧)(ઘ),૧૩(૨) મુજબનો ગુન્હો દાખલ થતા વંચાણ – ૨ વાળા હુકમ આધારે મજફૂર અ.પો.કો. ને તા.૨૩/૧/૨૦૦૧ થી ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ હતા વંચાણ – ૩,૪ અને ૫ વાળા હુકમ અન્વયે મજફૂર અ.પો.કો. ના સદર કેસ ની સમિક્ષા કરી પુન: ફરજ પર હાજર થવા અંગેનો હુકમ કરતા મજફૂર અ.પો.કો. તા.૧૯/૦૩/૨૦૦૪ ના રોજ અત્રેના જીલ્લે પુન: ફરજ ઉપર હાજર થયેલ હતા મજફૂર અ.પો.કો.નુ તા.૨૬/૧૨/૨૦૧૦ ના રોજ અવશાન થતા અત્રેની કચેરી દ્વારા નામ કમી કરવામાં આવેલ સદર લાંચના કેસમા સ્પેશ્યલ જજશ્રી મહેસાણાના તા.૨૪/૩/૨૦૦૪ ના ચુકાદાથી મજકુર પો.કો.ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવેલ આ ચુકાદા સામે નામદાર ગુજરાત હાઇ કોર્ટમાં અપીલ નંબર સી.આર એમ.એ. ૬૧૧૧/૨૦૦૫ ઇન સી.આર.એ. ૧૫૯૭/૨૦૦૪ દાખલ થયેલ વંચાણ – ૬ વાળા પત્ર અન્વયે જણાવ્યા અનુસાર નામદાર ગુજરાત હાઇકોર્ટના તા.૨૮/૧૨/૨૦૦૫ ના ચુકાદા આધારે સદર અપીલ ડીસ્પોઝડ કરવામાં આવેલ છે. આમુખ – ૧ વાળા ઠરાવની જોગવાઇ અનુસાર તેઓનો ફરજ મોકુફી સમય ફરજ તરીકે ગણવાનો થતો હોય મર્હુમ અ.પો.કો. મગનભાઇ કાવાજી બ.નં. ૫૬૮ ધંધુકા પો.સ્ટે. નાઓનો તા.૨૩/૧/૨૦૦૧ થી તા.૧૮/૦૩/૨૦૦૪ સુધી નો ફરજ મોકુફી નો સમય તમામ હેતુઓ માટે **"ફરજ"** તરીકે ગણવા હુકમ કરવામાં આવે છે. મર્હૂમ અ.પો.કો. ને ફરજ મોકુફી દરમ્યાન ચુકવવામાં આવેલ નિર્વાહ ભથ્થાની રકમની વસુલાત કરવાની રહેશે.

**ક.હુ. – ક્રમાંક:મકમ/ખાત/૧૮૪/વશી.૩૦૭૪૫/૨૦૧૨ તા.૨૭/૦૮/૨૦૧૨**

**સીધીકારણદર્શક નોટીસ :-**

તમો **અ.પો.કો. જગદિશભાઇ ચતુરભાઇ બ.નં. ૫૮૭ ધંધુકા પો.સ્ટે.** નાઓએ પોતાની ફરજમાં ગંભીર પ્રકારની બેદરકારી તથા નિષ્કાળજી દાખવેલ છે તે એવી રીતે કે,

**૨/-** તમો તા.૧૮/૦૫/૨૦૧૨ થી તા.૧૮/૬/૨૦૧૨ કુલ દિન □ ૩૨ સીક મેમો લીધા સીવાય પો.સ્ટે.માં જાણ કર્યા સીવાય મનસ્વિપણે ફરજ ઉપર થી ગે.હા. પડેલા ઉપરી અધિશ્રીને જાણ કરેલ નથી

**વિશેષ સમીક્ષા :-**

કસુરદાર **અ.પો.કો. જગદિશભાઇ ચતુરભાઇ બ.નં. ૫૮૭ ધંધુકા પો.સ્ટે.** નાઓને વંચાણ-૧ થી સીધી કારણદર્શક નોટીસ ઇશ્યુ કરવામાં આવેલ જેની બજવણી તેઓને તા.૨૦/૦૭/૨૦૧૨ ના રોજ થયેલ. તેઓએ બચાવ નિવેદન રજુ કરેલ નથી જેથી તેઓની કસુર સાબીત થતી હોય નીચે મુજબ આખરી હુકમ કરૂ છુ.

**આખરી હુકમ :-**

હું ગગનદીપ ગંભીર આઇ.પી.એસ., પોલીસ અધિક્ષક, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ નાઓને આથી મુંબઇ પોલીસ શિક્ષા અને અપીલ રૂલ્સ ૧૯૫૬ નિયમ □ ૩ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ **અ.પો.કો. જગદિશભાઇ ચતુરભાઇ બ.નં. ૫૮૭ ધંધુકા પો.સ્ટે.** નાઓને **રૂ. ૩૨૦૦/- રોકડ** દંડની શિક્ષા કરવા આખરી હુકમ કરૂ છુ.

**વિભાગ – ૧૧- તાલીમ**

**ક.હુ. – ક્રમાંક:મકમ/સી..બી-૨/બીડીડીએસ/તાલીમ/૩૦૨૨૮/૨૦૧૨ તા.૨૧/૦૮/૨૦૧૨**

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

શ્રી ડી.પી.ઝાલા બી.ડી.ડી.એસ.પો.સ.ઇ અમદાવાદ ગ્રામ્ય નાઓને ઉપરોકત વંચાણમાં લીધેલ હુકમ અંન્વયે ગુજરાત પોલીસ અકાદમી કરાઇ, ગાંધીનગર ખાતે તા.૦૩/૦૯/૨૦૧૨ થી તા.૨૯/૦૯/૨૦૧૨ સુધી બી.ડી.ડી.એસ તાલીમનુ આયોજન કરવામાં આવેલ હોઇ જેમાં તાલીમ લેવા માટે મોકલવા હુકમ કરવામાં આવે છે શ્રી ડી.પી.ઝાલા બી.ડી.ડી.એસ પો.સ.ઇ નાઓએ તા.૦૨/૦૯/૨૦૧૨ના રોજ ક.૧૫/૦૦ વાગે મદદનીશ નિયામક કમાન્ડો તાલીમ કેન્દ્ર કરાઇ ને રીપોર્ટ કરે તે જોઇનીંગ ઇન્સટ્રકશન મુજબના સામાન/કીટ સાથે જવાનુ રહેશે.

ઉપરોકત તાલીમ દરમ્યાન બી.ડી.ડી.એસ.નો વધારોનો ચાર્જ કયુ.આર.ટી પો.સ.ઇ નાઓએ સંભાળવાનો રહેશે.

**<u>વિભાગ – ૧૨ – ઇનામ.</u> : -**

**ક.હુ. – ક્રમાંક:૧૦૪/મકમ/એસ.બી/ઇનામ/વ.૩૦૨૨૬/૨૦૧૨ તા.૨૨/૦૮/૨૦૧૨**

અત્રેના જીલ્લામાં ફરજ બજાવતા નીચે જણાવેલ પોલીસ અધિકારી તથા કર્મચારીઓએ તેમના નામ સામે જણાવ્યા મુજબની સારી અને પ્રશંસનીય કામગીરી કરેલ હોય તે કરેલ કામગીરી બદલ તેઓને પ્રોત્સાહીત કરવા સારૂ મને મળેલ ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ-૧ ના નિયમ ૨૬૫(૧)એ (૫)મા નિર્દેષ કરેલ સત્તાની રૂએ જોગવાઈઓને આધિન રહીને જણાવેલ અધિકારી તથા કર્મચારીઓના નામ સામે જણાવ્યા મુજબ ઈનામ મંજુર કરવામાં આવે છે.

| અ.નં. | નામ, હોદો અને બ.નં. | કામગીરીની વિગત | ઈનામ |
|---|---|---|---|
| ૧ | શ્રી ટી.ડી.મછાર ઇ. રીડર પો.સ.ઇ. | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગરના ફેકસ મેસેજ નં. ક્રમાંક: જી-૧ (ક્રાઇમ) /ટે-૧ /કોન્ફરન્સ મીટીંગ /૨૦૩૭ /૧૨ તા.૦૪/૦૬/૨૦૧૨ આધારે ડી.જી.પી.શ્રીની ક્રાઇમ કોન્ફરન્સના પત્રકો માંગ્યા મુજબના રાત્રીના મોડે સુધી રોકાણ કરી ડી.જી.પી.શ્રી, અ.પો.મહા.શ્રી સી.આઇ.ડી. ક્રાઇમ તેમજ ના.પો.મહા.શ્રી અ'વાદ વિભાગને સમયમર્યાદામાં મોકલી આપેલ તેમજ નં. (૨),(૮),(૯)એ ઉપરોકત ક્રા.કોન્ફ.ના પત્રકોની સ્લાઇડો બનાવી જે કરેલ સારી અને પ્રશંનીય કામગીરી બદલ. | **સી.એન** |
| ૨ | શ્રી પી.ડી.ઝાલા પો.સ.ઇ. કોમ્પ્યુટર શાખા | | **સી.એન** |
| ૩ | આ.પો.કો. રજનીકાંત કાનજીભાઇ બ.નં. ૨૮૫ (રીડરશાખા) | | **રૂ.૨૦૦/- તથા જી.એસ.ટી** |
| ૪ | આ.પો.કો. વિરેન લલિતભાઇ બ.નં. ૨૬૭ (રીડરશાખા) | | **રૂ.૨૦૦/- તથા જી.એસ.ટી** |
| ૫ | આ.પો.કો. રાજેશકુમાર ફ્રેન્કલીન બ.નં. ૨૮૭ (રીડરશાખા) | | **રૂ.૨૦૦/- તથા જી.એસ.ટી** |
| ૬ | એ.એસ.આઇ. રાજેશકુમાર મનુભાઇ બ.નં. ૧૦૩૩ (રીડરશાખા) | | **રૂ.૨૦૦/- તથા જી.એસ.ટી** |
| ૭ | એ.એસ.આઇ. ભાનુસિંહ પ્રેમસિંહ બ.નં. ૮૩૪ (રીડરશાખા) | | **રૂ.૨૦૦/- તથા જી.એસ.ટી** |
| ૮ | અ.પો.કો. વિનોદકુમાર વિરજીભાઇ બ.નં. ૭૮૪ (કોમ્પ્યુટર શાખા) | | **રૂ.૨૦૦/- તથા જી.એસ.ટી** |
| ૯ | આ.પો.કો. ભરતકુમાર ગોવિંદભાઇ બ.નં. ૦૨૫ (કોમ્પ્યુટર શાખા) | | **રૂ.૨૦૦/- તથા જી.એસ.ટી** |

**ક.હુ. – ક્રમાંક:૧૦૪/મકમ/એસ.બી/ઇનામ/વ.૩૦૮૧૪/૨૦૧૨ તા.૧૭/૦૮/૨૦૧૨**

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

અત્રેના જીલ્લામાં ફરજ બજાવતા નીચે જણાવેલ પોલીસ અધિકારી તથા કર્મચારીઓએ તેમના નામ સામે જણાવ્યા મુજબની સારી અને પ્રશંસનીય કામગીરી કરેલ હોય તે કરેલ કામગીરી બદલ તેઓને પ્રોત્સાહીત કરવા સારૂ મને મળેલ ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ-૧ ના નિયમ ૨૬૫(૧)એ (૫)મા નિર્દેષ કરેલ સત્તાની રૂએ જોગવાઈઓને આધિન રહીને જણાવેલ અધિકારી તથા કર્મચારીઓના નામ સામે જણાવ્યા મુજબ ઈનામ મંજુર કરવામાં આવે છે.

| નામ, હોદો અને બ.નં. | કામગીરીની વિગત | ઈનામ |
|---|---|---|
| માહે ૦૬/૨૦૧૨ માસની ક્રાઇમ કોન્ફરન્સમાં સરખેજ પો.સ્ટે ની ટ્રાફિક અંગેની કામગીરીમાં વાહન ડીટેઇન સ્થળ દંડ આર.ટી.ઓ દંડની કામગીરી જોતા આ કામગીરી ઘણી જ સારી કરવામાં આવેલ છે. | પ્રો.પો.સ.ઇ શ્રી પી.પી.વાઘેલા સરખેજ પો.સ્ટે. | રૂ.૨૫૦/-સી.એન. |
| | પ્રો.પો.સ.ઇ આર.બી.કરમટીયા સરખેજ પો.સ્ટે. | રૂ.૨૫૦/-સી.એન |
| | હે.કો જેસીંગભાઇ રાજાભાઇ બ.નં.૧૧૨૧ સરખેજ પો.સ્ટે. | રૂ.૨૫૦/- જી.એસ.ટી |
| | હે.કો મોતીભાઇ મંગાભાઇ બ.નં.૧૧૩૪ સરખેજ પો.સ્ટે. | રૂ.૨૫૦/- જી.એસ.ટી |
| | હે.કો જયંતીભાઇ હરીભાઇ બ.નં.૯૫૧ સરખેજ પો.સ્ટે. | રૂ.૨૫૦/- જી.એસ.ટી |
| | એ.એસ.આઇ તબજુલમીયા અબ્બાસમિયા બ.નં.૮૫૨ સરખેજ પો.સ્ટે. | રૂ.૨૫૦/- જી.એસ.ટી |
| | હે.કો વિનોદગીરી હંસગીરી બ.નં.૧૦૨૮ સરખેજ પો.સ્ટે. | રૂ.૨૫૦/- જી.એસ.ટી |

**ક.હુ. – ક્રમાંક:૧૦૪/મકમ/એસ.બી/ઇનામ/વ.૩૦૮૧૫/૨૦૧૨ તા.૨૮/૦૮/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતા નીચે જણાવેલ પોલીસ અધિકારી નીચે જણાવેલ વિગતની સારી કામગીરી બદલ હુ ગગનદીપ ગંભીર પોલીસ અધિક્ષક, અમદાવાદ ગ્રામ્ય ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ-૧ ના નિયમ ૨૬૫(૧) એ (૫) થી મને મળેલ સતાની રૂએ પ્રોત્સાહિત કરવા સારૂ તેમના નામ સામે જણાવ્યા મુજબ સી.એન. આપવામાં આવે છે.

| અ. નં. | કરેલ સારી કામગીરીની વિગત | અધિકારીનું નામ હોદ્દો | વિગત |
|---|---|---|---|
| માહે ૦૬/૨૦૧૨ ના માસની ક્રાઇમ કોન્ફરન્સમાં સમન્સ વોરંટ ની બજવણીની કામગીરી જોતાં આ કામગીરી સારી કરેલ હોય. | | પો.ઇન્સ શ્રી એસ.એન.ચૌધરી સરખેજ પો.સ્ટે. | સી.એન |
| | | પો.ઇન્સ શ્રી આઇ.ડી.વાણિયા સાણંદ પો.સ્ટે. | સી.એન |
| | | પો.સ.ઇ શ્રી જે.જે.રબારી સાણંદ પો.સ્ટે. | સી.એન |

**વિભાગ – ૧૩ – પરચુરણઃ-**

**ક.હુ.ક્રમાકઃમકમ/એસ.બી-૨/વતન પ્રવાસ/વ.૨૫૯૨/૩૦૭૨૭/૨૦૧૨ તા.૨૮/૦૮/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના દેત્રોજ પો.સ્ટે.માં ફરજ બજાવતા ડ્રા.એ.એસ.આઇ. ગફુરજી દાજીજી બ.નં. ૫૬ નાઓ તા.૩૦/૦૬/૨૦૧૨ ના ક.સ.બાદ થી વયનિવૃત થયેલ. છે. તેઓને વયનિવૃતી બાદ સરસામાન સાથે વતન મુ.પો. ડાભી ડાંગરવા તા.કડી જી. મહેસાણા ખાતે જવાનું હોઈ વતન પ્રવાસ રાહત મંજુર કરવા આમુખ(૧) વાળા રીપોર્ટથી વિંનતી કરતા આમુખ(૨) વાળા ઠરાવમાં કરેલ જોગવાઈ આધારે મજકુર અ.એ.એસ.આઈ.નું ઘરવખરીના સરસામાન સહિત એકતરફી વતન પ્રવાસ આથી મંજુર કરવામાં આવે છે.

| અ.નં. | નામ અને હોદો | સંબંધ | ઉ.વ. | ટીકિટની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | શ્રી ગફુરજી દાજીજી ડાભી | પોતે | ૫૮ | ૧ |
| ૨ | શ્રીમતી લીલાબેન ગફુરજી ડાભી | પત્ની | ૫૫ | ૧ |

**(ગગનદીપ ગંભીર)**
**પોલીસ અધિક્ષક**
**અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ.**

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

**પ્રતિ ,**

જીલ્લાના તમામ પો.સ્ટે. તરફ.

રી.પો.સ.ઈ.શ્રી, સૈજપુર હેડ કવા.

ના.પો.અધિ.શ્રી, ધોળકા, સરખેજ, વિરમગામ.

સર્કલ પોલીસ ઈન્સ.ધંધુકા સર્કલ ધંધુકા, ધોળકા, અસલાલી, વિરમગામ.

કચેરીની તમામ શાખાઓ તરફ

**<u>સવિનય નકલ રવાનાઃ</u>-**

**પ્રતિશ્રી,**

૧. અધિક પોલીસ મહા.શ્રી.સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વે ગુ.રા.ગાંધીનગર .

૨. અધિક પોલીસ મહા.શ્રી.સી.આઈ.ડી.આઈ.બી. ગુ.રા. ગાંધીનગર.

૩. આચાર્યશ્રી પોલીસ તાલીમ મહાવિદ્યાલય જુનાગઢ.

૪. આચાર્યશ્રી પોલીસ તાલીમ શાળા વડોદરા.

૫. પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર.

૬. નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી અમદાવાદ વિભાગ, અમદાવાદ.

૭. મુખ્ય પોલીસ અધિક્ષકશ્રી સંદેશા વ્યવહાર ગુ.રા.ગાંધીનગર

Created by Neevia Document Converter trial version http://www.neevia.com